| | સાબરમતી પોલીસ સ્ટેશન<br>અમદાવાદ શહેર<br>ફોન નંબર : ૦૭૯-૨૭૫૦૬૮૧૯ | |
|---|---|---|

## પ્રેસનોટ

### ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢતી સાબરમતી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ નાઓએ આગામી દિવાળી તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમાં બનતા મીલકત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા માટે આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ આપેલ માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓની સૂચનાથી સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. બી.પી.ભેટારીયા તથા સાથેના સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં તેઓની સાથેના લોકરક્ષક ધર્મેંદ્રસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૦૭૦ તથા લોકરક્ષક અજયકુમાર નરસીભાઇ બ.નં.૧૪૦૨ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે એક ઇસમ જેને સાબરમતી રામનગર ખાતે એક કરીયાણાની દુકાનમાંથી રોકડ રકમની ચોરી કરેલાનો શકવહેમ હોય અને સદરી ઇસમે શરીરે આછા વાદળી કલરનો શર્ટ તથા કાળુ પેન્ટ પહેરેલ છે જે ઇસમ સાબરમતી જનપથ ટોલનાકાથી તરફથી આવી અચેર ચાર રસ્તા થઇ અચેર ગામ તરફ હોંન્ડા એક્ટીવા નં.GJ-01-UK-5905 નું લઇ અત્રેથી પસાર થનાર હોવાની હકીકત હોઇ જેથી અચેર ચાર રસ્તા ખાતે સદરી હકીકતવાળા ઇસમની વોચમાં ઉભા રહેતાં સદરી ઇસમ આવતા રોકી લઇ એક્ટીવા સાઇડમાં કરાવી સદરી ઇસમનુ પંચો રૂબરૂ નામઠામ પુછતાં પોતે પોતાનુ નામ ભાવેશભાઇ સ/ઓ દીપાજી સુંદેશા (માળી) ઉ.વ.૨૪ રહેવાસી ગામ-માલગઢ,આદર્શ હાઇસ્કુલની બાજુમાં તાલુકો-ડીસા જીલ્લો-બનાસકાંઠા નો હોવાનુ જણાવેલ અને સદરી ઇસમ પાસેનુ હોન્ડા એક્ટીવા GJ-01-UK-5905 સાથે મળી આવતા સદરી ઇસમની પંચો રૂબરૂ અંગજડતી તપાસ કરતા મોબાઇલ ફોન તથા રોકડ નાણા રૂપિયા ૫૦૦૦/- મળી આવેલ જે રોકડ નાણા બાબતે સદરીની પુછપરછ કરતા આજથી છએક દીવસ અગાઉ તેણે તથા તેના મિત્ર કિશોર ઉર્ફે કે. કે. કાંતીલાલ લુહાર રહેવાસી-કુવારા સર્કલના ઢાળમાં લુહારોના મકાન ચૌધરી પેટ્રોલપંપની બાજુમાં, ડીસા તા-ડીસા જીલ્લો- બનાસકાંઠા નાઓ બન્નેએ ભેગા મળી સાબરમતી રામનગરમાં આવેલ એક કરીયાણાની બંધ દુકાનનું તાળુ તોડી ચોરી કરેલાનું જણાવેલ જેથી સદરી બનાવ બાબતે તપાસ કરતાં સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુના રજી.નં.૧૫૧/૨૦૧૯ ઇ.પી.કો. ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ હોય તેમજ તે ગુનાના કામે મેળવેલ સીસીટીવી ફુટેજ તપાસતા સીસીટીવી ફુટેજમાં ઉપરોક્ત પકડાયેલ ઇસમ

Scanned by CamScanner

જણાઇ આવેલ હોય જેથી સદરી પાસેથી મળી આવેલ એક્ટીવા, અંગજડતીના નાણા તથા મોબાઇલ ફોન મળી કુલ્લે રૂપિયા ૨૯,૦૦૦/- નો મુદ્દામાલ પંચનામા વિગતે ગુનાના કામે તપાસ અર્થે કબ્જે લીધેલ છે. તેમજ સદરી ઇસમને ગુનાના કામે અટક કરી વોંટેડ આરોપીને ઝડપી લેવા માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

આમ સાબરમતી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફ દ્વારા ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે અને અમદાવાદ શહેર પોલીસને ખુબ ટુંકા સમયમાં ઘરફોડ ચોરીનો એક ગુનો ડિટેક્ટ કરવામાં સફળતા મળેલ છે.

તા.૧૮-૧૦-૨૦૧૯

Scanned by CamScanner